# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-08-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************************

- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે 12 નવા ઔદ્યોગિક સ્માર્ટ શહેરને મંજુરી આપી
- ✓ બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કર્મચારીઓના વેતન માળખામાં સુધારાને મંજુરી આપી
- ✓ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને હેમંત સોરેન સરકારમાંથી અને પક્ષના તમામ હોદ્દા ઉપરથી રાજીનામું આપ્યું
- ✓ હવામાન વિભાગની આજે ગુજરાત, રાજસ્થાન મહારાષ્ટ્ર અને કોંકણમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે
- ✓ આજે રાષ્ટ્રીય રમતગમત દિવસની દેશભરમાં ઉજવણી કરાશે
- ✓ પેરિસ પેરાલીમપિક્સ ગેમ્સનો ભવ્ય ઉદઘાટન – સમારોહ સાથે પ્રારંભ

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET INDUSTRIAL CITIES

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ અંતર્ગત 12 નવા ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ શહેરને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ માધ્યમોને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ ઔદ્યોગિક ક્ષેત્રમાં સંયુક્ત અંદાજિત રોકાણ 28 હજાર 602 કરોડ રૂપિયાનું રહેશે.

શ્રી વૈષ્ણવે ઉંમેર્યું, આ ઔદ્યોગિક ક્ષેત્ર ઉત્તરાખંડના ખુરપિયા, પંજાબના રાજપુરા-પટિયાલા, મહારાષ્ટ્રના દિઘી, કેરળના પલક્કડ, ઉત્તરપ્રદેશના આગરા અને પ્રયાગરાજ, બિહારના ગયા, તેલંગાણાના જહીરાબાદ, આંધ્રપ્રદેશના ઓરવાકલ અને કોપ્પર્થી તેમ જ રાજસ્થાનના જોધપુર-પાલીમાં આવેલા છે.

કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરના 234 નવા શહેરમાં 730 ખાનગી FM ચેનલની ઇ-હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ગુજરાતના અમરેલી, ભુજ, બોટાદ, દાહોદ, ગાંધીધામ, જેતપુર નવાગઢ, પાટણ અને સુરેન્દ્રનગર દુધરેજમાં ત્રણ-ત્રણ મળી કુલ 24 ખાનગી એફએમ રેડિયોની સ્થાપના થશે. આ નિર્ણયથી સ્થાનિક લોકોને માતૃષાભામાં થતાં પ્રસારણથી પ્રોત્સાહન મળશે. તેમ જ રોજગારની નવી તકનું સર્જન થશે.

# PM--PRAGATI-MEETING.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કેન્દ્ર અને રાજ્ય સરકારોની ભાગીદારી સાથે અસરકારક શાસન વ્યવસ્થા અને સમય પર કાર્યક્રમોના અમલીકરણના  સંચાર ટેકનોલોજી પર આધારિત બહુવિધ મંચ-પ્રગતિની 44મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

બેઠકમાં માર્ગ જોડાણ સાથે સંબંધિત બે પરિયોજના, બે રેલવે અને કોલસા, ઉર્જા અને જળ સંસાધન ક્ષેત્રની એક -એકસહિત સાત મહત્વપૂર્ણ પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. જેની કુલ કિંમત 76 હજાર 500 કરોડ રૂપિયાથી વધુ છે.  આ પરિયોજનાઓ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, ઓડિશા, ગોવા, કર્ણાટક, છત્તીસગઢ અને દિલ્હી સાથે સંબંધિત છે.

બેઠક દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે પરિયોજનાઓમાં વિલંબ માત્ર ખર્ચમાં વધારો જ નહીં પરંતુ લોકોને તેના હેતુપૂર્વકના લાભોથી પણ વંચિત રાખે છે.  તેમણે અમૃત 2.0 અને જળ  જીવન મિશન સંબંધિત જાહેર ફરિયાદોની પણ સમીક્ષા કરી.  તેમણે કહ્યું કે  જિલ્લા અને રાજ્ય સ્તરે ફરિયાદોનો ગુણવત્તા યુક્તનિકાલ રાજ્ય સરકારો દ્વારા સુનિશ્ચિત થવો જોઈએ.  શ્રી મોદીએ કહ્યું કે શહેરોની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પહોંચીવળવા માટે પીએમ સૂર્ય ઘર મફત બિજલી યોજના જેવી પહેલોનો લાભ લેવાની જરૂર છે.

# RAJNATH---ANDHRA-VISIT.RTF

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ઈસ્ટર્ન નેવલ કમાન્ડની મુલાકાત લેશે. તેઓ નેવલ બેઝ, વિશાખાપટ્ટનમ ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપશે. શ્રી સિંહ ઈસ્ટર્ન નેવલ કમાન્ડના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી નૌકાદળની કામગીરીની સમીક્ષા કરશે. ત્યારબાદ તેઓ કેરળના તિરુવનંતપુરમ જવા રવાના થશે ..

# WAGE REVISED SONOWAL

બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રી, સર્બાનંદ સોનોવાલે ગઇકાલે બંદર પર કામ કરતાં મુખ્ય કર્મચારીઓના વેતન માળખામાં સુધારાને મંજૂરી આપી છે. વેતન માળખામાં સુધારો કરવા અને પેન્શનરી લાભો સહિત અન્ય સેવાની શરતોને સંબોધવા માટે દ્વિપક્ષીય વેતન વાટાઘાટ સમિતિ અને ભારતીય પોર્ટ એસોસિએશન વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા પછી, શ્રી. સોનોવાલે જણાવ્યું હતું કે બંદ રપર કામ કરતાં મુખ્ય કર્મચારીઓ માટે ન્યાયી અને સમાન વ્યવહાર સુનિશ્ચિત કરવા માટે આ એક મહત્વપૂર્ણ છે. તેઓએ ઉમેર્યું કે આ કરાર દેશના તમામ બંદરોમાં સુમેળભર્યા અને ઉત્પાદક કાર્યકારી વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે મંત્રાલયની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે..

# CHAMPAISOREN RESIGNATION

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને ગઇકાલે હેમંત સોરેન સરકારમાંથી મંત્રી પદ અને ઝારખંડ મુક્તિ મોરચાના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

JMM પ્રમુખ શિબુ સોરેનને લખેલા પત્રમાં તેમણે કહ્યું કે પાર્ટીની કાર્યશૈલી અને નીતિઓએ તેમને પાર્ટી છોડવા માટે મજબૂર કર્યા છે. શ્રી સોરેન ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ પોર્ટફોલિયો ઉપરાંત જળ સંસાધન વિભાગનો પોર્ટફોલિયો સંભાળતા હતા..

# CISF DG

1990ની બેચના બિહાર કેડરના આઇપીએસ ઓફિસર રાજવિન્દર સિંહ ભટ્ટીને કેન્દ્રીય ઔદ્યોગિક સલામતી દળ-સીઆઇએસએફના મહાનિદેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

1990ની બેચના ઉત્તરપ્રદેશ કેડરના આઇપીએસ અધિકારી દલજીતસિંહ ચૌધરીને સરહદ સલામતીદળ-બીએસએફના મહાનિદેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રી ચૌધરી હાલમાં સહસ્ત્રસીમા બલ-એસએસબીના મહાનિદેશક તરીકે કાર્યરત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# RIL-WALT DISNEY

ભારતીય સ્પર્ધા પંચ-CCI એ ગઈકાલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL), Viacom18 મીડિયા પ્રાઈવેટ લિમિટેડ, ડિજિટલ 18 મીડિયા લિમિટેડ, સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, અને સ્ટાર ટેલિવિઝન પ્રોડક્શન્સ લિમિટેડ-STPLને સંડોવતા સૂચિત સંયોજનને મંજૂરી આપી છે. આ મંજૂરી સ્વૈચ્છિક ફેરફારોના પાલનને આધીન છે.

પંચે એક યાદીમાં જણાવ્યું કે, ધ વોલ્ટ ડિઝની કંપનીની સંપૂર્ણ માલિકીની કંપની SIPL તેની પેટાકંપનીઓ દ્વારા અલગ સાહસ બનશે, જેની સંયુક્ત માલિકી RIL, વાયકોમ 18 અને TWDC પાસે રહેશે.-

# GUJARAT RAINS

ગુજરાતના ઘણા ભાગોમાં સતત બીજા દિવસે પણ પૂરની સ્થિતિ પ્રવર્તી રહી છે. સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં વડોદરા, દેવભૂમિ દ્વારકા અને જામનગરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી અને રાજ્યમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલ પૂરની ચેતવણીને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરને સતર્ક રહેવા સૂચના આપી હતી અને પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત કાર્યને ઝડપી બનાવવા માટે વિવિધ રાહત અને બચાવ એજન્સીઓને એકત્ર કરવા જણાવ્યું હતું.

દરમિયાન હવામાન વિભાગે આગામી 24 કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. માછીમારોને 30મી ઓગસ્ટ સુધી દરિયામાં ન જવા અનુરોધ કરાયો છે. આગામી 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓમાં 45-55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. દરમિયાન, પૂરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત આજે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આજે ઉત્તર અને મધ્ય બંગાળની ખાડી પર નીચા દબાણનું ક્ષેત્ર રચાય તેવી શક્યતા છે અને તે આગામી 24 કલાક દરમિયાન દક્ષિણ ઓડિશા અને ઉત્તરઆંધ્ર પ્રદેશના દરિયાકાંઠાની નજીક પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે માછીમારોને આવતીકાલ સુધી ઉત્તરપૂર્વ અને તેની નજીકના પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં, ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહાર ન  જવાની સલાહ આપી છે. દિલ્હીના કેટલાક ભાગો અનેતેની આસપાસના વિસ્તારોમાં રાત્રે મધ્યમથી ભારે વરસાદ થયો હતો. વરસાદને કારણે વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી વાહન વ્યવહારને અસર થઈ હતી..

# SPORTS DAY

આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ છે. હોકીના દંતકથા સમાન ખેલાડીમે જર ધ્યાનચંદની જન્મજયંતીએ દર વર્ષે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવવામાં આવે છે..

# PARIS PARALYMPIC- INAUGURATION

પેરિસ પેરાલીમપિક્સ ગેમ્સનો ભવ્ય ઉદ્ઘાટન સમારંભ સાથે એવેન્યૂ ડેસ ચેમ્પસ એલિસ અને પ્લેસ ડે લા કોનકોર્ડ ખાતે સત્તાવાર રીતે પ્રારંભ થયો છે. ટોક્યો 2020 પેરાલીમપિક્સમાં ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક જીતનાર સુમિત એન્ટિલ અને હંગઝોઉમાં રમાયેલ એશિયન પેરા ગેમ્સમાં ગોળા ફેંકમાં રજત ચંદ્રક જીતનાર ભાગ્યશ્રી જાધવે ત્રિરંગા સાથે ભારતનું પ્રતિનિધત્વ કર્યું હતું. આ વર્ષે 84 રમતવીરો 12 અલગ અલગ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. પેરાલીમપિક્સ રામતોના ઇતિહાસમાં અત્યારસુધીમાં ભારતના સૌથી વધુ ખેલાડીઓ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. ક્રિષ્ના નાગર બેડમિન્ટનમાં પુરુષ સિંગલ્સના ટાઇટલ માટે રમશે. જ્યારે અવની લેખા અને મનીષ નરવાલ શૂટિંગમાં રમશે.

આજથી ભારતીય ખેલાડીઓ તીરંદાજી, સાયકલિંગ, તાઈકવાન્ડો, સ્વિમિંગ અને ટેબલ ટેનિસમાં ભાગ લેશે. આવતીકાલથી એથ્લેટિક્સ સ્પર્ધા શરૂ થશે. તેમાં 38 ભારતીય એથ્લેટ ભાગ લેશે. લોકોની નજર ભાલા ફેંક ખેલાડી સુમિત એન્ટીલ અને ટેબલ ટેનિસ ખેલાડીભાવના પટેલ પર રહેશે. પેરિસ પેરાલિમ્પિક્સ 9 સપ્ટેમ્બરના રોજ સમાપન સમારોહ સાથે સમાપ્ત થશે..

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી અનિલ પટેલ

- આજે તમામ સ્થાનિક અખબારોમાં ગુજરાતમાં અતિવૃષ્ટિનાં સમાચારો પ્રકાશિત કર્યા છે.
- સંદેશની હેડલાઇન છે-સૌરાષ્ટ્રમાં મેઘાનું રૌદ્રસ્વરૂપઃ ખંભાળિયામાં 36 કલાકમાં 26 ઇંચ
- ફુલછાબનું હેડીંગ છે- અતિ, ગતિ, ક્ષતિ
- નવગુજરાત સમય લખે છે- મેઘ તાંડવ સામે તંત્રના અણઘડ આયોજને વડોદરાને ડુબાડ્યું 12
- નવા સ્માર્ટ ઔદ્યોગિક શહેરોનાં નિર્માણને કેબિનેટની મંજૂરી- આ સમાચારને સંદેશ, નવગુજરાત સમય, ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કરે પહેલા પાને સ્થાન આપ્યું છે.
- ઇન્ડિયન એક્સપ્રેસે લશ્કર દ્વારા વડોદરામાં રાહત અને બચાવકાર્યની તસવીર પહેલા પાને પ્રકાશિત કરી છે
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ વિશેષ અહેવાલમાં લખ્યું છે. અમદાવાદમાં હૃદય સંબંધિત સમસ્યાઓ માટે 108 એમ્બ્યુલન્સને થયેલા કોલમાં 40 ટકાનો વધારો
- આ ઉપરાંત કોલકાતા સહિત દેશભરમાં મહિલાઓ વિરુધ્ધ હિંસા મુદ્દે રાષ્ટ્રપતિએ વ્યક્ત કરેલા રોષ અંગેના સમાચારને અનેક દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- રિલાયન્સ ઇન્ડ્સ્ટ્રીઝ અને ડિઝનીના મર્જરને સીસીઆઇની મંજૂરી- આ સમાચારને કેટલાંક અખબારોએ પહેલા પાને સ્થાન આપ્યું છે. .